ગુજરાત સમાચાર

Date: 19 June, 2019 (Gujarat Samachar Plus Pg. No. 01)

### IIT-RAMના સ્ટુડન્ટસ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી ધો.૧૦ના

# જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ મળે તે માટે NTSEની પરીક્ષાની તૈયારી વિનામૂલ્યે કરાવાય છે

મ ણિનગર સ્થિત ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટના (આઈઆઈટી-રામ) વિવિધ ડિપાર્ટમેન્ટના ર૩થી વધુ સ્ટુડન્ટની અલગ અલગ ટીમ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી દર રવિવારે ૯થી ર વાગ્યા સુધી પૂર્વ વિસ્તારની અ.મ્યુ.કો.ની શાળાના ધો-૧૦માં અભ્યાસ કરતાં જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને નેશનલ ટેલેન્ટ સર્ચ એકઝામિનેશન (એનટીએસઇ) માટેની તૈયારી કરાવવાનું કાર્ય કરે છે.

આઈઆઈટી રામના સ્ટુડન્ટસ દ્વારા પોતાની સેવાકીય કાર્યના ગ્રુપનું નામ 'દાયિત્વ' આપવામાં આવ્યું છે. આ વિશે વાત કરતા ગ્રુપના મેમ્બર અનિમેશ રાઠીએ કહ્યું કે, રજાના દિવસે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પગભર કરવા માટેનો વિચાર આવ્યો અને તેને લઈને અમે બધા સ્ટુડન્ટસ સાથે મળીને આ એકઝામિનેશનની તૈયારી ફ્રીમાં કરાવીએ છીએ. આ માટેનો વિચાર અમારા ભૂતપૂર્વ સાથી મિત્રોનો હતો. આઈઆઈટીરામના ડાયરેકટર, રજિસ્ટ્રાર અને ફેકલ્ટીના સાથ સહકાર દ્વારા દાયિત્વ ગ્રુપના સ્ટુડન્ટસ દ્વારા એકઝામની તૈયારી કરાવીએ છીએ.



**વિદ્યાર્થીને સ્કોલરશિપ મળતા તે વધુ અભ્યાસ કરી શકે છે**

આર્થિક સ્થિતિ સારી ન હોય તેવા ધો ૮ અને ૧૦માં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીએ નેશનલ લેવલની આ એકઝામ પાસ કરે તો સ્કોલરશિપ મળે છે જેનાથી તે વધુ અભ્યાસ કરી શકે છે. દર વર્ષે ૧૦૦ જેટલા વિદ્યાર્થી આ પરીક્ષા પાસ કરે છે. શહેરમાં પૂર્વ વિસ્તારમાં આઈઆઈટી રામ અને પશ્ચિમમાં એલ.ડી.એન્જિનિયરિંગમાં આવી એકઝામની તૈયારી સ્ટુડન્ટસ દ્વારા કરાવવામાં આવે છે. - **જે.એસ.પ્રજાપતિ, ડેપ્યુટી કમિશનર, પૂર્વ ઝોન**

ભળતા નામથી સાવધ રહો
SINGAPORE MALAYSIA
₹64,500* 7 Days
July . Aug.
SINGAPORE
MALAYSIA - THAILAND
₹92800* 11 Days
શ્રી સ્વામિનારાયણ ટુરીઝમ
73593 00039
73591 00028